| | | |
|---|---|---|
| Azadi Ka Amrit Mahotsav | **પોલીસ અધીક્ષકની કચેરી, વડોદરા ગ્રામ્ય, વડોદરા** | GUJARAT POLICE |

**તા. ૦૭/૦૯/૨૦૨૪**

# પ્રેસ નોટ

## આઈશર ગાડીમાં ભરીને લઈ જવાતો ગે.કા.ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૧૯૯૬૮ કિ.રૂ.૧૯,૯૬,૮૦૦/- નો વિશાળ માત્રામાં પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાંન્ચ વડોદરા ગ્રામ્ય

**શ્રી સંદીપ સિંહ, પોલીસ મહાનિરીક્ષકશ્રી વડોદરા વિભાગ તથા શ્રી રોહન આનંદ પોલીસ અધીક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા** નાઓએ દારુ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતી અંકુશમાં લેવાના ઉદેશથી પ્રોહીની હેરાફેરી/વેચાણની પ્રવુતિ કરતા ઇસમો ઉપર વોચ રાખી પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે રીતેની કાર્યવાહી કરવા, તેમજ આગામી ગણપતિ ઉત્સવ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અલગ જગ્યાઓએ જરૂરી વાહન ચેકીંગ કરવા તથા વધુ માં વધુ પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા માટે નાકાબંધી/વોચ રાખી કોઇ અસામાજીક પ્રવૃતી જણાઇ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવા તમામ અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

**શ્રી કૃણાલ પટેલ, પોલીસ ઇન્સ્પેકટર, એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય** નાઓ દ્વારા તાબાના અધિકારીશ્રી તથા સ્ટાફને વધુ માં વધુ વિદેશી દારૂના પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા અર્થે તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઇસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરી વધુ માં વધુ કેસો શોધી કાઢવા જરૂરી સુચના/માર્ગદર્શન આપેલ જે આધારે ગઇકાલ તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ **શ્રી પી.કે.ભુત,પો.સબ.ઇન્સ. એલ.સી.બી. તથા એલ.સી.બી. ટીમ** શીનોર પો સ્ટે વિસ્તારમાં અનડીટેકટ ગુનાની તપાસમાં મદદમાં હતા દરમ્યાન એલ.સી.બી. ટીમના **(૧) અ.હે.કો.શકિતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.-૧૦૩૭ (૨) અ.હે.કો. સિંધ્ધરાજસિંહ સતુભા બ.નં.-૧૦૭૬ (૩) અ.હે.કો.દેવરાજસિંહ પ્રવિણસિંહ બં ન.-૧૦૫૦** નાઓને સંયુકતપણે ચોકકસ બાતમી હકિકત મળેલ કે, એક આઇસર બંધ બોડી ગાડી નંબર MH 48 AY 9916 માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને સુરત તરફથી ભરૂચ થઇ વડોદરા તરફ આવનાર છે, જેથી એલ.સી.બી. ટીમ કરજણ પો.સ્ટે.ની હદના ને.હા.નંબર-૪૮ ઉપર રામેદવ હોટલ સામે હાઇવે ઉપર ઉપરોકત આઇશર ગાડીની વોચમાં છુટા છુવાયા વોચમાં ગોઠવાઇ ગયેલ દરમ્યાન બાતમી હકિકતવાળી આઇશર ગાડી આવતા તેને કોર્ડન કરી ઝડપી પાડી આઇશરમાં ડ્રાઇવર ઇસમ એકલો જ હોય જેને નીચે ઉતારી નામઠામ પુછતા **અનવર અહમદ વ્હોરા રહે ડભાણ પંચાયત ઓફીસની બાજુમાં તા નડીયાદ જી ખેડા** નોહોવાનું જણાવેલ જેને આઇશરમાં શુ ભરેલ છે તે બાબતે પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી આઇશરમાં તપાસણી કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ મળી આવેલ જે બહાર કાઢી ગણતરી કરતા **વિદેશી દારૂના કવાર્ટરીયા પેટી નંગ- ૪૧૬, જેમાં કુલ બોટલ નંગ-૧૯૯૬૮, કિ.રૂ.૧૯,૯૬,૮૦૦/- તથા મોબાઇલ ફોન-૦૧ રૂ.૨,૦૦૦/- તથા આઇશર ગાડી કી.રૂ.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૨૯,૯૮,૦૦૦/-** મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોકત પકડાયેલ ડ્રાઈવર ઈસમને ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો કોની પાસેથી, ક્યાંથી ભરી લાવેલ છે અને કોને, કઈ જગ્યાએ આપવાનો હતો જે બાબતે પુછપરછ કરતા આ વિદેશીદારૂનો જથ્થો ભરેલ આઇશર ગાડી નાનેશ્વર રહે. મડગાવ, ગોવા નામના ઈસમે, મડગાંવ, પેપ્સી સર્કલ ઉપર બોલાવી આપેલ અને ભાવનગર જીલ્લાના વરતેજ ખાતે પહોંચી ફોન કરવાનું જણાવેલ હોવાની હકિકત જણાવતા વિદેશી દારૂ સાથે પકડાયેલ ઈસમ તેમજ વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કરજણ પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગણનાપાત્ર કેસ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

## ☞ કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીઓ ::-

(૧) શ્રી પી.કે.ભુ, પોલીસ સબ ઈન્સ્પેકટર, એલ.સી.બી.
(૨) અ.હે.કો.શકિતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.-૧૦૩૭
(૩) અ.હે.કો. સિંધ્ધરાજસિંહ સતુભા બ.નં.-૧૦૭૬
(૪) અ.હે.કો.દેવરાજસિંહ પ્રવિણસિંહ બં ન.-૧૦૫૦
(૫) આ.પો.કો. મેહુલસિંહ અનોપસિંહ બ નં ૨૩૨

**આમ, લોકલ ક્રાઇમ બ્રાંન્ચ, વડોદરા ગ્રામ્ય દ્વારા આઇશરમાં ગેરકાયદેસર ભરીને લઇ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલ નંગ-૧૯૯૬૮ કિ.રૂ.૧૯,૯૬,૮૦૦/- નો વિશાળ માત્રામાં જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.**